આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- શીતલ વૈશ્નવ

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ: ૧૭-૦૫-૨૦૨૪ સમય:-સવારે ૬.૫૦ કલાકે

## ચુંટણીપંચ-મતદાન

દેશમાં યોજાઇ રહેલી લોકસભાની ચૂંટણીના પહેલા ચાર તબક્કામાં 45 કરોડ 10 લાખથી વધુ મતદારોએ મતદાન કર્યું છે. ચૂંટણી પંચે ગઈકાલે બહાર પાડેલી યાદીમાં જણાવ્યું છે કે, લોકસભાની પહેલા ચાર તબક્કાની ચૂંટણીમાં 66.95 ટકા મતદાન થયું છે. યાદીમાં જણાવ્યું છે કે, ભારતીય મતદારોએ મોટી સંખ્યામાં મતદાન કરીને સમગ્ર વિશ્વને આગવો સંદેશ આપ્યો છે. ચૂંટણીપંચે લોકસભાની ચૂંટણીના બાકીના તબક્કામાં વધુ મતદાન કરવા મતદારોને અપીલ કરી છે.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------------

## કેન્દ્ર સરકાર-દવાઓ

કેન્દ્ર સરકારે ડાયાબીટીસ સહિત કેટલાક રોગોની સારવારમાં ઉપયોગમાં લેવાતી 41 દવાઓની કિંમતમાં ઘટાડો કરવાનો નિર્ણય લીધો છે. રાષ્ટ્રીય દવા કિંમત નિયમન સત્તામંડળની યોજાયેલી બેઠકમાં આવશ્યક દવાઓ નાગરિકોને વાજબી દરે પૂરી પાડવાના હેતુથી આ નિર્ણય લેવાયો છે.

સત્તાવાળાઓએ સંબંધિત દવાઓની કિંમતમાં કરાયેલા ઘટાડાની માહીતી દવાઓના ડિલર અને સ્ટોકિસ્ટને તરત પહોંચાડવાનો નિર્દેશ દવા કંપનીઓને આપ્યો છે..

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------------

## ગુજરાત બોર્ડ-પુરક પરીક્ષા

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ 2024માં લેવાયેલી ધોરણ 10 અને ધોરણ 12 સામાન્ય પ્રવાહની પૂરક પરીક્ષા માટે આગામી 22મી મે સુધીમાં ઓનલાઇન અરજી કરી શકાશે.

ઓનલાઇન માધ્યમ સિવાય અન્ય કોઈ રીતે અરજી સ્વીકારવામાં આવશે નહીં. ગુણ ચકાસણીની અરજીની નિયત ફી ઓનલાઇન SBI e-pay સિસ્ટમ મારફતે એસબીઆઈ બ્રાન્ચમાં ભરી શકાશે. જોકે વિદ્યાર્થીનીઓ અને દિવ્યાંગ વિદ્યાર્થીઓને પરીક્ષા ફી માંથી મુક્તિ અપાઈ છે.

પૂરક પરીક્ષાનો કાર્યક્રમ, રિસિપ્ટ અને પ્રશ્નપત્રનો સમય ગુજરાત બોર્ડની વેબસાઇટ પર મૂકવામાં આવશે.

**(RNU અમદાવાદ)**

------------------------------------------------------------------------

## અદાણી-મુન્દ્રા

ભારતની સૌથી મોટી પોર્ટ અને લોજિસ્ટિક કંપની અદાણી પોર્ટસ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિમિટેડના મુંદરા પોર્ટ ખાતે ગઈકાલે ઓશન નેટવર્ક એક્સપ્રેસની સેવાનું ઉદ્ઘાટન થયુ હતું.જેના ભાગરૂપે આ સર્વિસનું પ્રથમ જહાજ “એમવી વન મોર્ડન” હેન્ડલ કરવામાં આવ્યુ હતું. અદાણી પોર્ટ મુંદરા ખાતે “વીન” સેવાની શરૂઆતએ એક સીમાચિહ્નરૂપ ઘટના છે.

**(શીતલ વૈશ્નવ/NP)**

------------------------------------------------------------------------

## RTO કામગીરી

ડ્રાઇવિંગ લાયસન્સની સેવાઓ માટેના સારથી પોર્ટલની વેબસાઇટ ઉપર ડેટા બેઝ મેન્ટેનન્સની કામગીરી ચાલુ હોવાથી રાજ્યની આરટીઓ કચેરી ખાતે

લર્નિંગ લાયસન્સ તેમજ ડ્રાઇવિંગ લાયસન્સની લગતી સેવાઓ આવતીકાલ તારીખ 18મી મે સવારના દસ વાગ્યા સુધી બંધ રહેશે. તેમ વાહન વ્યવહાર કમિશનરની કચેરીની યાદીમાં જણાવાયું છે.

**(RNU અમદાવાદ)**

---

## હવામાન

રાજ્યમાં સૌરાષ્ટ્ર અને કચ્છના કેટલાંક વિસ્તારોમાં ગઈકાલે પણ હળવોથી મધ્યમ વરસાદ નોંધાયો છે. તો બીજી તરફ હવામાન વિભાગ દ્વારા આગામી 24 કલાકમાં રાજ્યમાં  વરસાદની આગાહી કરતા જણાવ્યુ છે કે ઉત્તર પશ્ચિમ રાજસ્થાન પર સાયકલોન સરકર્યુલેશન સીસ્ટમ સક્રિય છે. આ સાથે ગુજરાતમાં ચોમાસાની શરૂઆત 15 જુનથી થશે. તેમજ પોરબંદર,ગીર સોમનાથ, ભાવનગર અને કચ્છમાં હીટવેવની આગાહી કરવામાં આવી છે. જ્યારે કેટલાક જિલ્લાઓમાં મહત્તમ તાપમાનમાં બે થી ત્રણ ડિગ્રી સેલ્સિયસ વધારો થવાની શક્યતા પણ વ્યક્ત કરી છે.

કચ્છનાં કેટલાંક વિસ્તારોમાં છેલ્લાં ચાર દિવસથી વરસાદ વરસી રહ્યો છે. ગઈકાલે સાંજે ભચાઉ, માંડવી નખત્રાણા, મુન્દ્રા અને અંજાર તાલુકામાં વરસાદ પડ્યો હતો.

**(શીતલ વૈશ્નવ/NP)**

---

## IPL

આઈ.પી.એલની ગઈકાલે રમાયેલી સનરાઇઝર્સ હૈદરાબાદ અને ગુજરાત ટાઇટન્સ વચ્ચેની મેચ વરસાદને કારણે રદ કરવામાં આવી હતી. હૈદરાબાદમાં ગઈકાલ સાંજથી રાત સુધી વરસાદ પડ્યો હતો. આવી સ્થિતિમાં અમ્પાયરોએ

બંને ટીમોના કેપ્ટન સાથે ચર્ચા કર્યા બાદ મેચ રદ કરવાનો નિર્ણય લીધો હતો. બંને ટીમને એક-એક પોઈન્ટ આપવામાં આવ્યો હતો.

આ સાથે સનરાઇઝર્સની ટીમ વર્તમાન સિઝનના પ્લેઑફમાં પહોંચી ગઈ છે. હૈદરાબાદ પ્લેઑફમાં પહોંચનારી ત્રીજી ટીમ બની હતી.

**(શીતલ વૈશ્નવ/NP)**

---